વર્ષ :૨૦૨૬-૨૭
**(ચાલુ બાબત)**

**HRT-2 સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમો માટેની યોજના (General)**

**ગુજરાત સરકાર**

**કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ**

ઠરાવ ક્રમાંક : ACD/KEF/e-file/2/2025/3666( General /K8

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : 01 / 04 /2026

**વંચાણે લીધા :**

1. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2024/3651(General) /K8 તા.12/05/2025
2. કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવક્રમાંક: ACD/KEF/E-FILE/2/2025/1747/K8 તા.21/05/2025.
3. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2025/0301(General)/K8 તા.30/04/2025.
4. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:ACD/KEF/E-FILE/2/2024/4257(General)/K8 તા.24/04/2025.
5. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2024/3954/K8 તા.13/06/2025.
6. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2025/0022(SC-2)/K8 તા.30/04/2025.
7. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2024/0070/K8 તા.06/05/2025.
8. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/KMO/e-file/2/2025/4472/K8, તા-11/03/2026
9. બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક DH/0095/10/2025 તા.૧૩/૧૦/૨૦૨૫
10. બાગાયત નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરના પત્ર ક્રમાંક DH/0056/03/2026 તા.૦૩/૦૩/૨૦૨૬

**પ્રસ્તાવના**

ગુજરાતમાં સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમો માટેની યોજના એચ.આર.ટી-૨, ને સંદર્ભ-૧ થી દર્શાવેલ ઠરાવથી વર્ષ ૨૦૨૫-૨૬ માં ચાલુ રાખવામાં આવેલ છે, આ યોજનાને સને ૨૦૨૬-૨૭ માટે ચાલુ રાખવાની મંજૂરી આપવા બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના સંદર્ભ-(9) અને (10) થી દર્શાવેલ પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

સરકારશ્રીની કાળજીપૂર્વક વિચારણાના અંતે, **HRT-2 બાગાયતી પાકોના વિકાસ માટેની સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમો માટેની યોજના** હેઠળ **સને ૨૦૨૬-૨૭** ના અંદાજપત્રમાં મંજૂર કરવામાં આવેલ **રૂ.૪૩૦.૦૦** કરોડની બજેટ જોગવાઈને આધીન તા.૧-૪-૨૦૨૬ થી તા.૩૧-૩-૨૦૨૭ સુધી ચાલુ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

સને ૨૦૨૬-૨૭ના વર્ષના અંદાજપત્રમાં આ યોજના હેઠળ કરવામાં આવેલ બજેટ જોગવાઈની મર્યાદામાં યોજનાના મૂળ સ્વરૂપમાં કોઈ ફેરફાર ન થાય તે રીતે નિયત ધારા-ધોરણો/શરતો અને બોલીઓ આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ અમલવારી કરવાની રહેશે.

**શરતો:-**

1. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે.
2. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી બાગાયત નિયામકશ્રીની રહેશે.
3. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.
4. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
5. i khedut portal પર ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
6. ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
8. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
9. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
10. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
11. જો કોઇ કેંદ્રિય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળેથી જ ખરીદી કરવાની રહેશે.
12. પ્રોજેક્ટની કામગીરી DPR મુજબ જ તેની નિયત કરેલ સમય મર્યાદા અને અંદાજિત કિંમતની મર્યાદામાં કરવાની રહેશે.
13. પ્રોજેક્ટની અમલવારી અમલીકરણ એજન્સી/ સંસ્થા મારફતે જ કરાવવાની રહેશે.
14. પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન,પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
15. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
16. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
17. પ્રોજેક્ટની પૂર્વ ની ઉપલબ્ધતા, પ્રોજેક્ટ ઇનપુટ, ડીઝાઇન , માળખાગત સુવિધાઓ, સ્થળની કામગીરી માટેની તૈયારી વિ. ની કામગીરી પૂર્ણ થયા બાદ જ પ્રોજેક્ટ શરૂ કરવાનો રહેશે.

18. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઇ કરી લેવાની રહેશે.
19. પ્રોજેક્ટ સ્થળે ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ (પાવર-HT-LT લાઇન, પાણીના સ્ત્રોત , વાહન વ્યવહાર, મેનપાવર, રહેવાની સુવિધા, વિ. ની ઉપલબ્ધતા) સમય સર મેળવીને જ પ્રોજેક્ટની શરૂ કરવાનો રહેશે.
20. પ્રોજેક્ટ માટે જરૂરી બોર્ડ/ વહીવટી/તાંત્રિક મંજુરી/ઇનવેસ્ટમેંટ મંજુરીઓની વિગતો સક્ષમ સતાધિકારી પાસેથી સમયસર મેળવી લેવાની રહેશે.
21. પ્રોજેક્ટ માટે નિયત કરેલ ફંડીંગ પેટર્ન મુજબ સમય સર નાણાકીય સ્ત્રોત ઉભા કરીને તે મુજબ જ ખર્ચ કરવાનો રહેશે.
22. પ્રોજેક્ટ્માં આધુનિક ટેક્નોલોજીનો મહ્ત્તમ ઉપયોગ કરી કામગીરી હાથ ધરવાની રહેશે.
23. આ પ્રોજેક્ટની અંદાજોની મર્યાદામાં અને પ્રોજેક્ટની સમયમર્યાદા મુજબ યોગ્ય નાણાકિય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ મેળવીને જ ખર્ચ કરવાનો રહેશે.
24. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
25. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
26. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
27. આઉટસોર્સથી સેવા મંજૂરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
28. આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM Portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
29. આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
30. આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
31. રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી બાગાયત નિયામકશ્રીની રહેશે. આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી બાગાયત નિયામકશ્રીની રહેશે.
32. માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા આઉટસોર્સ મેનપાવરને નિયત મહેનતાણું સમયસર ચુકવવામાં આવે તે અંગે યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલાં લેવાની જવાબદારી બાગાયત નિયામકશ્રીની રહેશે.

33. મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
34. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
35. આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
36. ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
37. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
38. આ સેવાઓ વખતો-વખત મેળવવાની થાય તો સેવાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થવાના ૨ (બે) માસ અગાઉ નાણા વિભાગને રજૂ કરી વધુ ૧૧ માસ માટે સેવા મેળવવાની મંજુરી મેળવી લેવાની રહેશે.
39. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઇન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
40. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
41. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
42. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
43. મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
44. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
45. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
46. સૂચિત કામો પૈકી જે કામો VB-G RAM G હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ VB-G RAM G યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગે તકેદારી રાખવાની રહેશે.
47. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન , કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
48. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
49. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં- RBD / OAS / e – File / 16 / 2022 / 0002 / Section C Date. 11 / 10 / 2023 દ્વારા દર્શાવેલ ઇમ્લીમેન્ટેશન ઓફ સ્ટાન્ડર્ડ બીડીંગ પ્રોઝીસરનું પાલન કરવાનું રહેશે.
50. ઉકત મિલ્કતના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.
51. સદર કામનું ટેન્ડર કરવામાં આવે તે વખતે કોન્ટ્રાકટર દ્વારા Contractors all risk Policy (CAR)ની પોલીસી વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાની રહેશે.
52. જે મંજુર થયેલ કામો/બાંધકામના સંદર્ભમાં કામ શરૂ થઇ ગયા હોય અથવા પૂર્ણ થઇ ગયા હોય અથવા પૂર્ણ થનાર હોય તેવા બાંધકામો/કામો બાંધકામોના કિસ્સામાં જયારે નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે ત્યારે આવી મિલ્કતોના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.

53. રાજ્ય સરકારશ્રીની કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવતાં કામોના ટેન્ડરને મંજૂરી આપવા માટે નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક. સસપ-૧૦૯૭-૧૦૯-ઝ થી નિયત થયેલ સત્તામર્યાદા ધ્યાને લેવાની રહેશે.
54. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
55. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
56. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
57. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
58. આ યોજનાનો અમલ બાગાયત નિયામકશ્રી મારફતે કરવાનો રહેશે.
59. વર્ગ-3 ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
60. આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.
61. આ યોજના અંતર્ગત સને ૨૦૨૬-૨૭ ના વર્ષની અંદાજીપત્રીય જોગવાઈઓને આધીન રહીને અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટ મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. અન્ય હેતુઓ માટે ખર્ચ કરી શકાશે નહિ. વર્ષના અંતે આ યોજના અંતર્ગત બચત રહેતી રકમ, નિયત સમયમર્યાદામાં પરત કરવાની રહેશે.
62. આ યોજના અંગેનો ખર્ચ રાજય સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે તેમજ યોજનાઓની નિયત થયેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
63. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ /સુચનાઓનુ ચુસ્ચતપણે પાલન કરવાનુ રહેશે.આમ, આ મંજુરી અન્વયે જો કોઈ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.
64. આ યોજના માટે નોડલ એજન્સી નિમવાની થાય તો તે યોજના સિવાય અન્ય યોજના માટે પણ તે જ સંસ્થા/એજન્સી નોડલ એજન્સી તરીકે કાર્ય કરતી હોય તો તે નોડલ એજન્સીએ તમામ યોજનાઓ માટે અલાયદા બેન્ક ખાતાઓ ભારત સરકારની PSU બેન્કમાં ખોલવાના રહેશે.
65. નોડલ એજન્સીએ નાણા વિભાગના તા.૩૧/૦૧/૨૦૧૯, તા.૦૫/૧૧/૨૦૧૮, તા.૨૯/૧૦/૨૦૧૬ તા.૦૧/૦૯/૨૦૧૪ના વિવિધ પરીપત્રો તેમજ વખતો વખત નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
66. નોડલ એજન્સીએ નાણાંકીય વર્ષના અંતે તેઓ હસ્તક બચત રહેતી રકમ વ્યાજ સહિત સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે. નોડલ એજન્સીએ કોઇ પણ સંજોગોમાં નાણાં વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહી.

67. પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.

68. પ્રસ્તુત યોજના બાબતે છેલ્લા ત્રિમાસિક ગાળા પુર્વે શક્ય તેટલો ખર્ચ કરી, ખર્ચની ત્રિમાસિક અહેવાલ વિભાગને સમયાંતરે રજુ કરવાનો રહેશે.

69. એચ.આર.ટી.-૨ પ્લાન યોજના હેઠળ, સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધીન નિયત પધ્ધતિથી ખર્ચ કરવાનું રહેશે.

70. સહાયકી યોજનાઓ અંગે લાભાર્થીઓ પાસેથી ઑનલાઇન અરજીઓ મેળવવાની રહેશે અને અરજીઓની મંજુરીની કાર્યવાહી, અરજીની મંજૂરી અંગે સંબંધિત અરજદારોને લેખીત જાણ કરવાની અને ત્યારબાદ જ સહાયની કાર્યવાહી થાય તે જોવાનું રહેશે.

71. આ યોજનાનો લાભ પરિશિષ્ટ-૧ મુજબની સામાન્ય શરતો અને બોલીઓ પ્રમાણે અને પરિશિષ્ટ-૨(અ) તથા (બ) મુજબના લાગુ પડતાં વિવિધ ઘટકોના સહાયનાં ધોરણો મુજબ મળવાપાત્ર રહેશે. તેમ જ પરિશિષ્ટ-૩ વ્યકિતગત લાભાર્થીલક્ષી અને લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાય ચુકવવાના ઘટકોના અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ, પરિશિષ્ટ-૪ પ્રોજેક્ટ બેઝ ઘટકમાં સહાય ચુકવવા અંગે અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ તેમજ પરિશિષ્ટ-૫ લાભાર્થીલક્ષી- એટસોર્સ સહાય હેઠળના ઘટકો માટેની કાર્યપધ્ધતિ મુજબ અમલ કરવાનો રહેશે.

72. આ યોજનાના અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર અરજીપત્રક અને તેને આનુષંગિક પત્રકો બાગાયત નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે, તેમજ નાણાંકીય વર્ષની સમયમર્યાદામાં યોજના હેઠળના લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે આઇ-ખેડૂત પોર્ટલ સંબંધિત તમામ કામગીરી માટે બાગાયત નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

73. ઘટકો માટેની કાર્યપધ્ધતિ મુજબની સુચિત કાર્યવાહી પ્રમાણે અમલવારી કરીને આપવાનો રહેશે.

74. યોજનાકીય અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ ની કાર્યપધ્ધતિ પ્રમાણે અમલ કરવાનો રહેશે.

75. બાગાયત ખાતાના ફળ રોપા ઉછેર કેન્દ્રો ઉપર ભૌતિક સુવિધાઓ ઉભી કરી બાગયાતદારોને પુરતા પ્રમાણમાં સારી ગુણવત્તા વાળી ફળઝાડની કલમો/ રોપાઓ ઉપલબ્ધ કરવા માટે ફળ રોપા ઉછેર કેન્દ્રો ઉપર પિયત માટે પાકી પાઈપ લાઇન સહિતની સુવિધાઓ અને કંટાળી વાડ વિગેરે જેવી ભૌતિક સુવિધાઓ ઉભી કરી શકાશે.

76. The Right of Persons with Disabilities Act, 2016 ની Section-37 ની જોગવાઇઓ અનુસાર સદર યોજનામાં દિવ્યાંગો (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫ % ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઇપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પૂરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરીપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

77. આ યોજના માટેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર | : ૨ |
| સેક્ટર- | : ગ- આર્થિક સેવાઓ |
| પેટા સેક્ટર | : ક -કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર | : ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર | : ૧૧૯ બાગાયત અને શાકભાજીના પાકો |
| પેટા સદર | : (૦૧) ફળ રોપા ઉછેર કેન્દ્રો |

આ હુકમો વિભાગની સમાનાંકી ફાઇલ નંબર ઉપર નાણા વિભાગની તા.24 / 03 /2026 ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

01/04/2026

(ભાવેશ પટેલ )
સેકશન અધિકારી
કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(કૃષિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી,ગુજરાત રાજ્ય, કૃષિ ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- નાણા શાખા/બજેટ/આયોજન શાખા કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સંબધિત કચેરીઓ/ અધિકારીશ્રીઓ (બાગાયત નિયામકશ્રી મારફત)
- સેકશન અધિકારીશ્રી, આઇટી શાખા, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ઠરાવ ઓનલાઇન મુકવાની વિનંતી સાથે.
- સીલેક્ટ ફાઇલ

## પરિશિષ્ટ-૧

## એચ.આર.ટી ( ૨ ) સહાયની યોજના વર્ષ ૨૦૨૬-૨૭ સામાન્ય શરતો અને બોલીઓ

1. આ યોજનાનો અમલ પરિશિષ્ટ-૨ (અ) માં દર્શાવેલ ક્રમ નં. ૧ થી ૪૧ ના ઘટકો માટે રાજયના તમામ જિલ્લાઓમાં, જયારે ક્રમ નં.-૪૨ નું અમલીકરણ ઓઇલપામ કાર્યક્રમ હેઠળના જિલ્લાઓમાં કરવાનું રહેશે.આ ઉપરાંત પરિશિષ્ટ-૨ (બ) માં દર્શાવેલ ઘટકોનું અમલીકરણ ગેપીંગ ફંડ તથા પૂરક સહાય માટે નિર્દેશીત ઘટકોમાં અમલ કરવાનો રહેશે.
2. આ યોજનાના નિયંત્રણ અધિકારી બાગાયત નિયામકશ્રી રહેશે.
3. આ યોજનાનો લાભ રાજયના તમામ ખેડુતોને તેમજ વન અધિકાર પત્ર (સનદ) ધરાવતા લાભાર્થીને પણ મળવાપાત્ર રહેશે.
4. વન અધિકાર પત્ર (સનદ) ધરાવતા લાભાર્થી દ્વારા આઇ-ખેડુત પોર્ટલ પર ઓન લાઇન અરજી કરવામાં ન આવી હોય તો પણ તેઓ પાસેથી ભૌતિક સ્વરૂપમાં (ઓફલાઇન) મળતી અરજી સ્વીકારવાની રહેશે અને અરજી અન્વયે યોજનાઓ હેઠળ મળવાપાત્ર લાભ આપવા અંગે ઘટતી કાર્યવાહી કરવાની રહેશે.
5. આ યોજના હેઠળ લાભ આપવા માટે રાજયનાં અંત્યોદય સમાજના ખેડુતોને પ્રાધાન્ય આપવાનું રહેશે જે અંગેના આધારપુરાવા મેળવવાના રહેશે.
6. આ યોજનાના ઘટકો માટે નિયત થયા અનુસાર બાગાયત અધિકારી/ મદદનીશ /નાયબ/ સંયુકત/ બાગાયત નિયામકશ્રી અમલીકરણ અધિકારી રહેશે.
7. સબંધિત નોડલ એજન્સીને ગ્રાન્ટ ફાળવવા માટે બાગાયત નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે.
8. સદરહુ યોજનાનો લાભ નોન પ્રોજેક્ટ બેઝ ઘટકો માટે બાગાયતી પાકોની ખેતી કરતા બાગાયતદારો તથા પ્રોજેક્ટ બેઝ ઘટકો માટે બાગાયતી જણસ માટે ઉપયોગમાં લેવામાં આવતાં હોય, તેવા લાભાર્થીઓને આપવાનો રહેશે.
9. ઓનલાઇન અરજી મળ્યેથી સંબંધિત અમલીકરણ અધિકારીએ સમાન હેતુવાળા ઘટક માટે આ યોજના કે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં મેળવેલ સહાય તેમજ સમાન હેતુવાળા ઘટકમાં અગાઉ લાભ લેવાની પૂર્ણ થયેલ મર્યાદા બાબતેની ખરાઇ કરી અરજીની પાત્રતા નક્કી કરવાની રહેશે.
10. ચાલુ નાણાંકીય વર્ષમાં આ યોજના હેઠળના પરિશિષ્ટ-૨(અ) તથા (બ) ના કોલમ-૫ માં દર્શાવેલ ઘટકોમાં જે અરજદારે આઇ-ખેડુત પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરેલ હોય તથા પાત્રતા ધરાવતા હોય તેવા અરજદારોને લક્ષ્યાંકની મર્યાદામાં તમામ ઘટકોમાં લાભ આપી શકાશે.
11. આ યોજના બાગાયત નિયામકશ્રીનાં અંકુશ હેઠળ રહેશે. આ યોજનાનાં અમલીકરણ બાબતમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થાય તો તેમનો સંપર્ક સાધવાનો રહેશે. યોજનાની કુલ નાણાંકીય જોગવાઇની મર્યાદામાં બાગાયત નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર આંતરીક ઘટક ફેરફાર કરી શકશે.
12. પરિશિષ્ટ-૨ (બ) ના **MIDH-Sub scheme NHM** ના વિવિધ ઘટકોમાં ફાળવેલ લક્ષ્યાંક ઉપરાંત વધારે અરજીઓ આવે અને ગુજરાત હોર્ટીકલ્ચર મિશન હેઠળ પૂરતુ ફંડ ન હોય, અથવા ગુજરાત હોર્ટીકલ્ચર મિશન તરફથી લક્ષ્યાંકો ફાળવવામાં ન આવે ત્યારે આ યોજના હેઠળ સમાવિષ્ટ જે તે ઘટકમાં ખર્ચ કરવા માટે જે તે જિલ્લાની માંગણી અન્વયે ગુજરાત હોર્ટીકલ્ચર મિશનની ભલામણ આવ્યેથી ઉપલબ્ધ ગ્રાંટ ધ્યાને લઇ બાગાયત નિયામકશ્રી કક્ષાએ સમીક્ષા કરીને ગ્રાન્ટ (ગેપીંગ ફંડ) જે તે જિલ્લાને ફાળવવાની રહેશે અને સંબંધિત જિલ્લાએ MIDH-Sub scheme NHM ની ગાઇડલાઇન તથા ઠરાવની શરતો મુજબ ખર્ચ આ યોજના હેઠળ કરવાનો રહેશે.
13. પરિશિષ્ટ-૨ (બ) માં પુરક સહાય માટે નિર્દેશીત ઘટકોમાં ગુજરાત હોર્ટીકલ્ચર મીશન તરફથી સહાયની ચુકવણીના કાર્યાલય આદેશ/ચુકવણી થયેથી રાજય સરકારશ્રીની પુરક સહાય જિલ્લા કક્ષાએથી ચુકવવાની રહેશે. જયારે ગેપીંગ ફંડના કિસ્સામાં મૂળ સહાય તથા પૂરક સહાય સંયુક્ત રીતે ચૂકવવાની રહેશે.

14. પરિશિષ્ટ-૨ (બ) માં ભારત સરકારના MIDH-Sub scheme NHMની ગાઇડલાઇન હેઠળના ઘટકોમાં વિસંગતતા ઉપસ્થિત થાય ત્યારે સ્પષ્ટીકરણ અંગે MIDH-Sub scheme NHMની ગાઇડલાઇન માન્ય ગણાશે તથા તેમાં વખતો વખત થતા સુધારા માન્ય ગણાશે.
15. આ યોજનાની ગ્રાન્ટ બાગાયત નિયામકશ્રીએ અમલીકરણ અધિકારીશ્રી/ સબંધિત અમલકર્તા નોડલ એજન્સીને ફાળવવાના રહેશે.
16. સબંધિત નોડલ એજન્સીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસીડી સહીત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે.
17. **પરિશિષ્ટ -૩ અને પરિશિષ્ટ -૪** મુજબની કાર્યપધ્ધતિ માટે જિલ્લા અમલીકરણ અધિકારી/ સબંધિત નોડલ એજન્સીએ સહાયની રકમ DBT (Direct Benefit Transfer)/RTGS (Real Time Gross Settlement) /NEFT (National Electronics Funds Transfer) થી લાભાર્થી/સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.
18. યોજનાની જોગવાઇ મુજબ આવરી લેવાયેલ વિસ્તારના સપ્રમાણસર યુનિટ કોસ્ટ કે ખરેખર થયેલ ખર્ચ પૈકી જે ઓછા હોય તેને સહાયની ચુકવણી માટે ધ્યાને લેવામાં આવશે.
19. પ્રોજેક્ટ બેઇઝ દરખાસ્તોનો અમલ સક્ષમ કક્ષાએથી મંજુરી મળ્યા બાદ કરવાનો રહેશે. જેના ખર્ચ બાબતે નાણાંકીય વર્ષને ધ્યાને ન લેતાં પ્રોજેકટ પૂર્ણ કરવા માટે સક્ષમ કક્ષાએથી મળેલ મંજુરીની સમયમર્યાદાને ધ્યાને લઇ સહાય ચુકવવાની રહેશે.
20. ટપક સિંચાઇ સાથેના ઘટકોમાં ટપક સિંચાઇની સુવિધા **GGRC** દ્વારા કરાવવાની રહેશે.
21. વાવેતર વિસ્તાર વધારવા અંગેના ઘટકો (પરિશિષ્ટ-૨ (અ) ના ઘટક નં.૨૦, ૨૩, ૨૮, ૩૧ અને ૩૩ સિવાય) પૈકી ફળપાક અને શાકભાજી પાક માટે SC/ST સિવાયના જે ખેડૂત ખાતેદાર ૧.૦૦ હેકટરથી વધુ વિસ્તારમાં સહાયનો લાભ લેવા માંગતા હોય તો તે માટે માઇક્રો ઇરીગેશન સીસ્ટમ (**M.I.S.**) ફરજીયાત અપનાવવાની રહેશે.
22. વાવેતર વિસ્તાર વધારવા અંગેના ઘટકો માટે જે તે ખેડૂત ખાતેદારે બાગાયતી પાકોનાં વાવેતરની નોંધ DCS (Digital Crop Survey ) સીસ્ટમમાં કરાવવાની રહેશે. જો DCS (Digital Crop Survey ) સીસ્ટમમાં થયેલ ન હોય તો વાવેતરના અક્ષાંશ-રેખાંશ (તારીખ અને સમય સાથે) સાથેનો ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે/ઓનલાઇન અપલોડ કરવાનો રહેશે.
23. શાકભાજી પાકોના કાચા મંડપ, અર્ધ પાકા તથા પાકા મંડપ ઘટક માટે SC/ST સિવાયના જે ખેડૂત ખાતેદાર ૧.૦૦ હેકટરથી વધુ વિસ્તારમાં સહાયનો લાભ લેવા માંગતા હોય તો તે માટે માઇક્રો ઇરીગેશન સીસ્ટમ (M.I.S.) ફરજીયાત અપનાવવાની રહેશે.
24. ગુજરાત હોર્ટીકલ્ચર મિશનને તેમના હવાલે મુકવામાં આવેલ નાણાંનો હિસાબ (ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર) બાગાયત નિયામકશ્રીને મોકલી આપવાનો રહેશે.
25. કોલ્ડ ચેઇન મેનેજમેન્ટ કાર્યક્રમમાં સહાય સરકારશ્રીની વખતોવખતની કોલ્ડ ચેઇન પોલીસીને આધિન ચુકવવાની રહેશે.
26. કોલ્ડ ચેઇનને પ્રોત્સાહિત કરવા માટેનો કાર્યક્રમમાં કેંદ્ર સરકારશ્રીની યોજના હેઠળ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અને પ્રોજેક્ટની જે તે સંસ્થાએ સંપૂર્ણ સહાય ચૂકવણી થયાના આધાર પૂરાવા અને **Work Completion Certificate** મેળવી લાભાર્થીએ પૂરક સહાય માટે અરજી કરવાની રહેશે.
27. પ્લાન્ટીંગ મટેરીયલ માટે **NHB** દ્વારા એક્રીડેશન થયેલ/કૃષિ યુનિ./બાગાયત ખાતાની નર્સરીઓમાંથી તેમજ ટીસ્યુકલ્ચર પ્લાન્ટીંગ મટેરીયલ (રોપા) માટે **DBT** દ્વારા માન્ય/એક્રીડેશન થયેલ ટીસ્યુ લેબ, **GNFC, GSFC**, કૃષિ યુનિ.ની ટીસ્યુ લેબ જેવી સરકારશ્રીની જાહેર સાહસ સંસ્થાઓ પાસેથી પ્લાન્ટીગ મટેરીયલ ખરીદ કરવાનું રહેશે. આ ઉપરાંત **Special Committee for New Registration System of Crops** અંતર્ગત બાગાયતી પાકોની નર્સરી/ટીસ્યુ.લેબ.નું રજીસ્ટ્રેશન માટે નિમાયેલ સમિતિ દ્વારા રજીસ્ટર થયેલ નર્સરી/ટીસ્યુ.લેબ. પાસેથી પણ પ્લાન્ટીગ

મટેરીયલ ખરીદ કરી શકશે. રાજ્યમાં પુરતા પ્રમાણમાં **NHB** દ્વારા પપૈયા, નાળીયેરી ફળપાક, ગૌણ ફળપાક, શાકભાજી પાક, ફૂલ પાક, મસાલા પાક, સુગંધિત પાક, ઔષધિય પાકના રોપા તૈયાર કરનાર નર્સરીનું એક્રિડીટેશન ન થાય ત્યાં સુધી ખેડૂતો પોતાની પસંદગીનું સારી ગુણવત્તાવાળુ પ્લાન્ટીગ મટેરીયલ્સ નર્સરીમાંથી મેળવી વાવેતર કરે તો તેઓને સહાય મળવાપાત્ર રહેશે.

28. બિયારણથી થતા પાકો માટે બિયારણ ઉત્પાદકના અધિકૃત વિક્રેતા પાસેથી સારી ગુણવત્તાવાળુ બિયારણ ખરીદી કરી વાવેતર કરે તો તેઓને સહાય મળવાપાત્ર રહેશે.
29. રક્ષિત ખેતી કરતા ખેડૂતોને તેમના પોલી/નેટ હાઉસમાં સોઇલ-લેસ કલ્ચર જેવા કે કોકોપીટ, પરલાઇટ, વર્મીક્યુલાઇટ વિગેરે મીડીયાના ઉપયોગ થકી ખેતી કરે તો માત્ર મીડીયા ખરીદી ઉપર સહાય મળવાપાત્ર રહેશે.
30. ઓઇલપામની ખેતીને પ્રોત્સાહન આપવા માટે **FFB** ના ટેકાના ભાવ નક્કી કરી પ્રવર્તમાન ભાવ અને ટેકાના ભાવના તફાવતની રકમ ખેડૂતને સહાય પેટે ચુકવવાનો કાર્યક્રમનો અમલ ભારત સરકારશ્રીની NMEO-OP યોજના હેઠળ આવરી લીધેલ જિલ્લાઓમાં ઓઇલપામની ખેતી માટે કરવાનો રહેશે.
31. લાભાર્થી ખેડુત પાસેથી ખરીદ કરવામા આવેલ ઓઇલ પામ ફ્રેશ ફ્રુટ બંચીસ (FFB) અંગે Annexure-I ની વિગતે જે તે જીલ્લા/તાલુકામાં કાર્યરત કંપની દ્વારા પ્રમાણપત્ર આપવાનુ રહેશે.
32. લાભાર્થી ખેડુત પાસેથી કંપની દ્વારા ઓઇલ પામ ના FFB ની ખરીદીના અવેજમાં ચુકવેલ ભાવની ખરાઇ કરવા લાભાર્થી ખેડુત પાસેથી જમા થયેલ રકમ અંગેની નોધ માટે બેંક પાસ બુકની નકલ મેળવવાની રહેશે.
33. બાગાયતી પાકના કલ્સ્ટર કક્ષાએ કાપણી પછીની વ્યવસ્થા (ગ્રેડીંગ, શોર્ટીંગ, પેકીંગ એકમો, સંગ્રહ વ્યવસ્થા, કોલ્ડ ચેઇન, પ્રાયમરી પ્રોસેસીંગ વગેરે) માળખાકીય સુવિધા પૂરી પાડવા બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક બગત/૧૦૨૦/૨૫૪/ક-૮, તા.૧૬/૦૭/૨૦૨૦ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઇ મુજબ કરવાનું રહેશે
34. સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે સ્વરોજગારલક્ષી નિવાસી તાલીમ અને જમીન વિહોણા ખેત મજૂરોને બાગાયતી કૌશલ્ય વર્ધન તાલીમ અંગેની યોજના હેઠળ મંજુર થયેલ ગ્રાંટની રકમ ગુજરાત હોર્ટીકલ્ચર મિશન/ગુજરાત હોર્ટીકલ્ચર નોલેજ સોસાયટીને હવાલે મુકી તેના મારફત કામગીરી કરી શકાશે. જે અંગેના ગ્રાંટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે. તેમજ યોજના હેઠળ થયેલ ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગત કામગીરી કરવાની રહેશે.
35. ઉત્કૃષ્ટતા કેંદ્રો સ્વાયત રીતે કાર્ય કરતા હોઇ, તાલીમાર્થીઓ માટે તાલીમ ખર્ચ, વૃત્તિકા, અને અન્ય વહીવટી ખર્ચ માટે રૂ. ૧૦૦૦/- પ્રતિ તાલીમાર્થી પ્રતિ દિન ની મર્યાદામાં ખર્ચ ઉગવવાનો રહેશે. આ યોજનાના સુચારૂ અમલીકરણ માટે માર્ગદર્શિકા પરિશિષ્ટ-૬ મુજબ કામગીરી કરવાની રહેશે.
36. સેન્ટર ઓફ એક્સેલન્સ વદરાડ (પ્રાંતિજ- સાબરકાંઠા) તલાલા (ગીર સોમનાથ) અને કુકમા (ભુજ-કચ્છ) ખાતે ત્રણ જુનીયર ક્લાર્કની સેવાઓ ઠરાવ ક્રમાંક: બગત/૧૦૨૦/૧૭૨૪/ક-૮ તા-૨૬/૦૫/૨૦૨૧ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ આઉટસોર્સથી મેળવવાની રહેશે.
37. કમલમ ફળ (ડ્રેગનફ્રૂટ) ના વાવેતર માટે સહાયનો કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૨૫) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: બગત/૨૦૨૧/૧૭૪૩/ક-૮, તા.૨૧/૦૬/૨૦૨૨ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઇ તેમજ બાગાયત નિયામકશ્રી દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ કરવાનું રહેશે.
38. કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૨૬) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: બગત/૨૦૨૧/૧૭૪૫/ક-૮, તા.૨૦/૦૬/૨૦૨૨ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઇ તેમજ બાગાયત નિયામકશ્રી દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ કરવાનું રહેશે.

39. મિશન મધમાખી કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૨૭) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: બગત/૨૦૨૨/૧૯૧/ક-૮, તા.૦૭/૦૯/૨૦૨૨ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ તેમજ બાગાયત નિયામકશ્રી દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ કરવાનું રહેશે.

40. અમદાવાદ, જામનગર અને ખેડા જિલ્લામાં સેન્ટર ઓફ એક્સેલેન્સ ઉભા કરવા બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: બગત/૨૦૨૧/૧૭૬૯/ક-૮, તા.૧૩/૦૭/૨૦૨૨ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

41. આંબા, જામફળ ફળપાકમાં ઘનિષ્ઠ ખેતી પધ્ધતિ અપનાવી ક્રોપ ડાઇવર્સીફીકેશન તથા કેળ પાકના ટીસ્યુકલ્ચર રોપ ઉપર સહાયનો કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૨૮) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/e-file/2/2023/0844/K8, તા.૦૭/૦૭/૨૦૨૩ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

42. સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૨૯) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/e-file/2/2023/0835/K8, તા.૧૭/૦૬/૨૦૨૩ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ તેમજ બાગાયત નિયામકશ્રી દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ કરવાનું રહેશે.

43. બાગાયતી પાકોમાં કાપણી પછી બગાડ અટકાવવા માળખાકીય સુવિધા ઉભી કરવા બાબત હેઠળ ખેતર પરના ગ્રેડીંગ, શોર્ટીંગ, પેકીંગ એકમ ઉભા કરવા સહાય તથા બાગાયત મૂલ્યવર્ધન એકમ ઉભા કરવા સહાય કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૩૦) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/e-file/2/2023/ 0843/ K8, તા.૩૧/૦૭/૨૦૨૩ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ તેમજ બાગાયત નિયામકશ્રી દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ કરવાનું રહેશે.

44. ગુજરાત નાળીયેરી વિકાસ કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૩૧) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/e-file/2/2022/3095/K8, તા.૦૩/૦૮/૨૦૨૩ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

45. પપૈયા પાકમાં ફળ પાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૩૨) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2023/5227(General)/K8 તા.૧૪/૦૩/૨૦૨૪ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

46. શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાનો કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૩૩) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2023/5226(General)/K8 તા.૧૪/૦૩/૨૦૨૪ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

47. ફળપાકોના જુના બગીચાઓને નવસર્જન કરવા માટેનો કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૩૪) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2023/5471/K8 તા.૧૪/૦૩/૨૦૨૪ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

48. બાગાયતી પાકના કલ્સ્ટરોને કાપણી પછીની વ્યવસ્થા અને બજાર સાથે સાંકળવા વ્યક્તિગત/ખાનગી સંસ્થા /ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન (FPO/FPC)/સહકારી સંસ્થાને માળખાકીય સુવિધા પૂરી પાડવા બાબત કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૩૫) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2024/0075/K8 તા.૨૯/૦૬/૨૦૨૪ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ તેમજ બાગાયત નિયામકશ્રી દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ કરવાનું રહેશે.

49.મસાલા પાકોના સર્ટીફાઇડ બિયારણ ઉપર સહાય કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૩૬) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2023/5231/K8 તા.૧૪/૦૩/૨૦૨૪ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

50.ક્રોપ કવરના ઉપયોગથી ફળપાકો અને શાકભાજી પાકોની રક્ષિત ખેતી માટેનો કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૩૭) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2023/5225(General)/K8 તા.૧૬/૦૩/૨૦૨૪ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

51.રાજયમાં બાગાયતી પેદાશો માટે શીત સંગ્રહ (કોલ્ડ સ્ટોરેજ) ક્ષમતા વધારવા અંગેનો કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૩૮) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2024/0070/K8 તા.૨૯/૦૬/૨૦૨૪ અને તા-૦૬/૦૫/૨૦૨૫ ની શરતો અને બોલીઓ તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ તેમજ બાગાયત નિયામકશ્રી દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ કરવાનું રહેશે.

52.અમરેલી જિલ્લા ખાતે બાગાયતી પાકો માટેનું સેન્ટર ઓફ એક્સેલેન્સ કેંદ્ર ઉભા કરવા બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2023/5217/K8 તા.૨૪/૦૬/૨૦૨૪ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

53.ઇન્ડો-ડચ કાર્યક્રમ હેઠળ નેધરલેન્ડનાં સહયોગથી ગાંધીનગર જિલ્લા ખાતે બાગાયતી પાકોના ૨ (બે) નવા સેન્ટર ઓફ એક્સેલેન્સ કેંદ્ર ઉભા કરવા બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2023/5251/K8 તા.૦૭/૦૬/૨૦૨૪ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઇ મુજબ કરવાનું રહેશે.

54.બનાસકાંઠા જિલ્લા ખાતે બાગાયતી પાકો માટેનું સેન્ટર ઓફ એક્સેલેન્સ કેંદ્ર ઉભા કરવા બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2024/0316/K8 તા.૨૯/૦૬/૨૦૨૪ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

55.બાગાયત ખાતાના રોપ ઉછેર કેંદ્રોની ઉત્પાદન ક્ષમતા વધારવા અંગેનો કાર્યક્રમના અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક ક્રમાંક: ACD/KEF/E-FILE/2/2024/0072/K8 તા.૧૪/૦૩/૨૦૨૪ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ મુજબ કરવાનું રહેશે.

56. કૃષિ યાંત્રીકરણમાં તમામ ખેડૂતોને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૩૯) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક ACD/KEF/E-FILE/2/2025/0301(General)/K8 તા.૩૦/૦૪/૨૦૨૫ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ તેમજ બાગાયત નિયામકશ્રી દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ કરવાનું રહેશે.

57. બાગાયત ખાતાની નર્સરી અને સેન્ટર ઓફ એક્સેલેન્સ ખાતે ઉત્પાદિત પ્લાન્ટીગ મટીરીયલ્સમાં એટસોર્સ સહાય આપવાનો કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૪૦) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક ACD/KEF/E-FILE/2/2024/4257(General)/K8 તા.૨૪/૦૪/૨૦૨૫ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ તેમજ બાગાયત નિયામકશ્રી દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ કરવાનું રહેશે.

58. રાજયમાં જુથ/ગ્રામ્ય કક્ષાએ ફળ-શાકભાજી પાકોના કલેકશન એકમ અને સોલાર કોલ્ડ રૂમ માટેનો કાર્યક્રમ (પરિશિષ્ટ-૨ ના ઘટક-૪૧) બાબતનું અમલીકરણ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક ACD/KEF/E-FILE/2/2024/3954/K8 તા.૧૩/૦૬/૨૦૨૫ ની શરતો તેમજ સરકારશ્રીની વખતો-વખતની સુચના અને ઠરાવની જોગવાઈ તેમજ બાગાયત નિયામકશ્રી દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ કરવાનું રહેશે.

## એચ.આર.ટી- ૨
## પરિશિષ્ટ-૨ (અ)
## સહાયના ધોરણો

| અ.નં | ઘટકનું નામ | સહાયનુ ધોરણ | રિમાર્કસ | વિસ્તાર મર્યાદા /ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | બાગાયતી પાકોના પ્રકાશન, પ્રદર્શન, હરિફાઇ સેમિનાર, કૃષિમેળા-યોજવા તથા સ્ટોલના ભાડાની ચૂકવણી થવા અંગે | **પ્રદર્શન - હરિફાઇમાં વિજેતા ખેડુતોને ઇનામ :**<br>૧. પ્રથમ ઇનામ રૂ. ૫૦૦૦<br>૨. દ્રિતિય ઇનામ રૂ. ૪૦૦૦<br>૩. તૃતિય ઇનામ રૂ. ૩૦૦૦ | • **પ્રદર્શન, હરિફાઇ, પરિસંવાદ:-** સરકારી, અર્ધ સરકારી તથા બાગાયત પ્રવૃત્તિઓ કરતી રજીસ્ટર્ડ સંસ્થાઓ, એન.જી.ઓ. ને અનુદાન આપવાનું રહેશે.<br>• **પ્રકાશન :** બાગાયતી સાહિત્ય સરકારી પ્રેસમાં તૈયાર કરવાનું રહેશે.<br>• **સેમીનાર અંગે : NHM/NHB** ના ધારા ધોરણ મુજબ<br>• **કૃષિ મેળા, સ્ટોલ :** સરકારશ્રીની સૂચના અનુસાર સરકારી / અર્ધસરકારી સંસ્થા તરફથી ગોઠવવામાં આવતા સ્ટોલનું ભાડુ સરકારશ્રીની મંજૂરી મેળવીને ચુકવવાનું રહેશે. | - |
| ૨ | બાગાયતી પાકો માટે ડીસ્ટીલેશન/ પ્રોસેસીંગના નવા યુનિટ ઉભા કરવા માટે સહાયનો કાર્યક્રમ | • યુનિટ કોસ્ટ:- રૂ. ૫.૦૦ લાખ/એકમ<br>• ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૨.૫૦ લાખ બે માંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર રહેશે.<br>• FPO/FARMERS GROUP/ FPC/સ્વ સહાય જુથ/સહકારી સંસ્થાને ૭૫ ટકા અથવા રૂ. ૩.૭૫ લાખ બે માંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર રહેશે. | • વ્યક્તિ, ખેડુત, FPO/FARMERS GROUP/ FPC/સ્વ સહાય જુથ/સહકારી સંસ્થાને યોજનાનો લાભ મળવાપત્ર રહેશે.<br>• બોઇલર, કટર, ડ્રાયર, ડ્રમ, મિક્ષ્ચર, પલ્પર, પેકીંગ મશીન વિગેરે સાધનો જરૂરીયાત મુજબ ખરીદવાના રહેશે.<br>• તાલુકા અમલીકરણ અધિકારી દ્વારા યુનિટ ઉભા કરતાં પહેલાં પ્રી-ઇન્સ્પેકશન રીપોર્ટ રજૂ કરવાનો રહેશે, કામગીરી પૂર્ણ થયેથી જે તે વિભાગના સં.બા.નિ.શ્રી, જિલ્લાના ના.બા.નિ.શ્રી તથા મ.બા.નિ./બા.અધિ.ની કમીટી દ્વારા જોઇન્ટ ઇન્સ્પેકશન કરી નિયમોનુસાર સહાય ચૂકવવાની રહેશે. | ફક્ત એક જ વખત |
| ૩ | દરીયાઇ માર્ગે ફળ, શાકભાજી, ફૂલ તથા છોડના નિકાસ માટે વાહતુક ખર્ચ | • વાહતુક બિલના ૨૫ ટકા સહાય,મહત્તમ રૂ. ૫૦,૦૦૦ ની મર્યાદામાં સહાય<br>• પ્રતિ વર્ષે એક લાભાર્થીને વધુમાં વધુ રૂ. ૨.૫૦ લાખ સુધીની મર્યાદામાં સહાય | • ખેડૂત/ખાનગી સંસ્થા/ફાર્મર પ્રોડયુસર ઓર્ગેનાઇઝેશન (FPO) /FPC/સહકારી સંસ્થાને સહાય મળવાપાત્ર છે.<br>• સાધનિક વિગતો/કાગળો<br>૧.સંસ્થાની સંરચના/સ્થાપનાના પુરાવા.<br>૨.છેલ્લા એક વર્ષના ઓડીટ અહેવાલ.<br>૩.નિકાસકારક તરીકેના માન્યતા અંગેના પુરાવા.<br>૪.નિકાસ માટે શીપીગ કંપનીના લોડીંગ અને અન લોડીંગ ડોકયુમેન્ટ વિગેરે | એક લાભાર્થીને વધુમાં વધુ પાંચ વર્ષ સુધી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | • વિદેશમાં માલ અનલોડ થાય બાદ ૧૮૦ દિવસની અંદર સહાય માટે અરજી કરવાની રહેશે | |
| ૪ | હવાઇ માર્ગે બાગાયત પેદાશની નિકાશ માટેના નૂરમાં સહાય | • વાહતુક બિલના ૨૫ ટકા, મહત્તમ રૂ. ૫૦,૦૦૦ ની મર્યાદામાં સહાય<br>• વાર્ષિક મહત્તમ રૂ.૧૦.૦૦ લાખની મર્યાદામાં સહાય | • ખેડૂત/ખાનગી સંસ્થા/ફાર્મર પ્રોડયુસર ઓર્ગેનાઇઝેશન (FPO) /FPC/સહકારી સંસ્થાને સહાય મળવાપાત્ર છે.<br>• નિકાસકાર તરીકે માન્યતા અંગેના પુરાવા તથા નિકાસ માટે સંસ્થાના લોડીંગ અને અનલોડીંગના પુરાવા રજુ કરવાના રહેશે.<br>• નિકાસ કરેલ દેશમાં માલ લોડીંગ /અનલોડીંગ થયા બાદ ૧૮૦ દિવસમાં અરજી કરવાની રહેશે<br>• લાભાર્થીને લાગુ પડતા દસ્તાવેજ<br>૧. ખેડૂત અંગેના ૮-અ અને ૭/૧૨ ના પુરાવા<br>૨. સંસ્થાના રચના /સ્થાપનાના પુરાવા<br>૩. છેલ્લા એક વર્ષના ઓડીટ અહેવાલ<br>૪. નિકાસકાર તરીકે માન્યતા અંગેના પુરાવા<br>૫.નિકાસ માટે સંસ્થાના લોડીંગ અને અનલોડીંગના પુરાવા વિગેરે | એક લાભાર્થીને વધુમાં વધુ પાંચ વર્ષ સુધી |
| ૫ | કાપણીના સાધનો | • યુનિટ કોસ્ટ :- રૂ. ૨.૦૦ લાખ<br>• ખર્ચના ૨૫% કે રૂ. ૫૦૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે.<br>• FPO/FPC/FIG/SHG/ સહકારી સંસ્થાને ૭૫ % કે રૂ.૧,૫૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે. | • ISO/BIS/ISI/સરકાર માન્ય સંસ્થાઓ દ્વારા પ્રમાણિત કરેલ સાધનો જે તે કંપનીનાં ઓથોરાઇઝ્ડ ડીલર મારફત અથવા imported સાધનો ખરીદવાના રહેશે. | પાંચ વર્ષે એક વાર |
| ૬ | પ્રોસેસીંગના સાધનો | • યુનિટ કોસ્ટ :- રૂ. ૬.૦૦ લાખ<br>• ખર્ચના ૨૫% કે રૂ. ૧,૫૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે.<br>• FPO/FPC/FIG/SHG/ સહકારી સંસ્થાને ૭૫ % કે રૂ.૪,૫૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે. | • ISO/BIS/ISI/સરકાર માન્ય સંસ્થાઓ દ્વારા પ્રમાણિત કરેલ સાધનો જે તે કંપનીનાં ઓથોરાઇઝ્ડ ડીલર મારફત અથવા imported સાધનો ખરીદવાના રહેશે. | પાંચ વર્ષે એક વાર |
| ૭ | બાગાયત પેદાશની પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત પેકીંગ મટીરીયલ્સમાં સહાય | • **યુનિટ કોસ્ટ- રૂ. ૧૦૦૦૦/હે.**<br>• ખર્ચના ૭૫ ટકા કે રૂ. ૭૫૦૦ પ્રતિ હેકટર, બે માંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર રહેશે. | • કોરૂગેટેડ બોકસ, લાકડાંના બોકસનો પેકીંગ મટેરીયલ્સ તરીકે ઉપયોગ કરવાનો રહેશે.<br>• ખાતા દીઠ મહત્તમ એક હેકટરની મર્યાદામાં સહાય મળવાપાત્ર રહેશે. | દર વર્ષે (વર્ષ દરમ્યાન એક વખત) |
| ૮ | કાચા મંડપ ટામેટા/મરચાં અને અન્ય શાકભાજીના ટ્રેલીઝ | • **યુનિટ કોસ્ટ-** રૂ. ૫૨૦૦૦/હે.<br>• સામાન્ય ખેડુતને ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૨૬,૦૦૦/હે. | • કાચા મંડપ માટે લાકડાં/વાંસના ટેકા (૧૬૦૦ નંગ/હે.), GI વાયર (૧૨-૧૮ ગેજ, ૪૦૦ કિ.ગ્રા/હે.)/ પ્લાસ્ટીક વાયરનો ઉપયોગ કરવાનો રહેશે.<br>• અંતર ૨.૫૦ x ૨.૫૦ મી. પ્રમાણે (અંદાજીત) | આજીવન એકવાર ખાતા દીઠ વધુમાં વધુ ૨.૦ હે. ની મર્યાદામાં |

| | | | | |
|---|---|---|---|---|
| | | • દેવીપૂજક લાભાર્થીને ખર્ચના ૯૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૪૬,૮૦૦/હે. ની મર્યાદામાં સહાય | • કાચા મંડપ યોજનામાં ૦.૧૦ હે. વાવેતર વિસ્તાર થી ૨.૦ હેકટર વિસ્તાર માટે સહાય મળવાપાત્ર રહેશે. | |
| ૯ | અર્ધ પાકા મંડપ-વેલાવાળા શાકભાજીના પેડલ | • **યુનિટ કોસ્ટ-** રૂ. ૮૦,૦૦૦ / હે.<br>• સામાન્ય ખેડુતને ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૪૦,૦૦૦/હેકટર<br>• દેવીપૂજક લાભાર્થીને ખર્ચના ૯૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૭૨,૦૦૦/ હે. ની મર્યાદામાં સહાય | • મંડપની બોર્ડર ઉપર સિમેન્ટ / લોખંડના ટેકા (૧૨૦ નંગ/હે.) તથા વચ્ચે લાકડા/વાંસના ટેકા (૧૬૦૦ નંગ/હે.) અને GI વાયર (૧૨-૧૮ ગેજ, ૪૦૦ કિ.ગ્રા/હે.) / પ્લાસ્ટીક વાયરનો ઉપયોગ કરવાનો રહેશે.<br>• અંતર ૨.૫૦ x ૨.૫૦ મી. પ્રમાણે (અંદાજીત)<br>• અર્ધ પાકા મંડપ યોજનામાં ૦.૧૦ હે. વાવેતર વિસ્તાર થી ૨.૦ હેકટર વિસ્તાર માટે સહાય મળવાપાત્ર રહેશે. | આજીવન એકવાર ખાતા દીઠ વધુમાં વધુ ૨.૦ હે. ની મર્યાદામાં |
| ૧૦ | પાકા મંડપ-વેલાવાળા શાકભાજીના પેડલ | • **યુનિટ કોસ્ટ-** રૂ. ૧૬૦૦૦૦/હે.<br>• સામાન્ય ખેડુતને ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૮૦,૦૦૦/હેકટર<br>• દેવીપૂજક લાભાર્થીને ખર્ચના ૯૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૧,૪૪,૦૦૦/ હે. ની મર્યાદામાં સહાય | • સિમેન્ટ/લોખંડના ટેકા (૮૫૦ નંગ/હે.) અને GI વાયર (૧૨-૧૮ ગેજ, ૪૦૦ કિ.ગ્રા/હે.)/ પ્લાસ્ટીક વાયરનો ઉપયોગ કરવાનો રહેશે.<br>• અંતર ૩.૫૦ x ૩.૫૦ મી. પ્રમાણે (અંદાજીત)<br>• પાકા મંડપ યોજનામાં ૦.૧૦ હે. વાવેતર વિસ્તાર થી ૨.૦ હેકટર વિસ્તાર માટે સહાય મળવાપાત્ર રહેશે. | આજીવન એકવાર ખાતા દીઠ વધુમાં વધુ ૨.૦ હે. ની મર્યાદામાં |
| ૧૧ | પ્લગ નર્સરી | • યુનિટ કોસ્ટ - રૂ. ૩૦.૦૦ લાખ/હે.<br>• જાહેર ક્ષેત્રે ૧.૦ હે. માટે વધુમાં વધુ રૂ. ૩૦.૦૦ લાખ/હે.<br>• ખાનગી ક્ષેત્રે ૧.૦ હે. માટે ખર્ચના ૫૦ %, વધુમાં વધુ રૂ. ૧૫.૦૦ લાખ/હે. ની મર્યાદામાં સહાય | • એક હેકટરની પ્લગ નર્સરીમાં હાઇટેક ગ્રીનહાઉસ (૧૦૦૦ ચો.મી.), નેટહાઉસ (૧૦૦૦ ચો.મી.), વોટર સ્ટોરેજ ટેંક, કંમ્પોસ્ટીંગ યુનિટ, ફાર્મ મશીનરી, સ્ટોર કમ ઓફિસ, પ્લગ ટ્રે, મલ્ચીંગ, નર્સરી મિડીયા/ કેમીકલ, જરૂરી હોય તેવા પાકોમાં મધર બ્લોક (મીની. ૦.૫૦ હે.) આ ઉપરાંત હાલમાં પ્લગ નર્સરીમાં ઉપયોગમાં લેવાતાં મીડીયા મીક્ષીંગ, પ્લગ ટ્રે ફીલીંગ મશીન, બેગ ફીલીંગ મશીન, જર્મીનેશન ચેમ્બર જેવા સબ ઘટકોનો સમાવેશ કરવાનો રહેશે.<br>• એક હેકટર કરતા ઓછા વિસ્તારની પ્લગ નર્સરી માટે હાઇટેક ગ્રીન હાઉસ / નેટ હાઉસનો વિસ્તાર નર્સરી વિસ્તારને અનુરૂપ સપ્રમાણ ગણવાનો રહેશે.<br>• નર્સરી ઓછામાં ઓછા ૦.૨૦ હેકટર તથા વધુમાં વધુ ૧ હેકટરના વિસ્તારમાં બનાવવાની રહેશે.<br>• ઉપરોક્ત ઘટકોમાંથી ઓછામાં ઓછા પાંચ ઘટકમાં જરૂરીયાત મુજબ કામગીરી કરવાની રહેશે.<br>• પ્રોરેટા બેઝ મુજબ સહાય આપવાની રહેશે.<br>• નર્સરીનું એક્રીડેશન કરાવવાનું રહેશે.<br>• સહાય આપતા પહેલા સબંધિત નાયબ / મદદનીશ બાગાયત નિયામકશ્રીએ પ્લગ | ખાતાદીઠ ફક્ત એક જ વખત |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નર્સરીમાં આવતા જરૂરી સાધનો, નેટ હાઉસ અને પોલી હાઉસ સ્ટ્રકચર વિગેરેની ચકાસણી કરી ત્યારબાદ વિભાગીય કક્ષાના સંયુક્ત બાગાયત નિયામકશ્રી સાથે સંયુકત ચકાસણી કરી સહાય મંજુર કરવાની રહેશે. | |
| ૧૨ | ડ્રીપ ઇરીગેશન માટે પાણી સંગ્રહના ટાંકા બનાવવા | • **યુનિટ કોસ્ટ-** રૂ. ૧.૦૦ લાખ/એકમ<br>• સામાન્ય ખેડુતને ખર્ચના ૫૦ ટકા (મહત્તમ રૂ. ૫૦૦૦૦/-ની મર્યાદામાં) | • સિમેન્ટેડ પાકા પાણીના ટાંકા, ડ્રીપ સેટ ફરજીયાત<br>• ટાંકાના ખર્ચના વ્યાજબીપણા માટે ગર્વમેન્ટ વેલ્યુઅર/ તાલુકા સર્વેયર / મનરેગા યોજનાના સર્વેયરનુ ખર્ચ અંગેનુ સર્ટીફીકેટ લાભાર્થી પાસેથી મેળવવાનું રહેશે<br>• ઓછામાં ઓછો ૨૫.૫૦ ઘનમીટર ક્ષમતા ધરાવતો ટાંકો બનાવવાનો રહેશે. | ખાતાદીઠ ફક્ત એક જ વખત |
| ૧૩ | પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટના સાધનો(વજન કાંટા તથા પ્લાસ્ટીક ક્રેટસ) | પ્લાસ્ટીક ક્રેટસ તથા વજનકાંટો માટે<br>• યુનિટ કોસ્ટ મહત્તમ રૂ. ૧૦,૦૦૦/-<br>• સામાન્ય ખેડૂતને ખર્ચના ૫૦% કે મહત્તમ રૂ.૫૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે<br>• FPO/FPC/FIG/બાગાયતી પાકોની સહકારી મંડળીને ૭૫ % કે મહત્તમ રૂ.૭૫૦૦/- બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે. | • સરકારશ્રી દ્વારા નિયત કરેલ કમીટી નક્કી કરે તે મુજબ અમલ કરવાનો રહેશે.<br>• I-khedut પોર્ટલ પર પ્રદર્શિત /રજીસ્ટર થયેલ કંપનીના માન્ય મોડેલ/સાધનની ખરીદી કરવાની રહે છે. | પાંચ વર્ષે |
| ૧૪ | કોલ્ડ ચેઇન મેનેજમેન્ટ કાર્યક્રમ | • કેન્દ્ર સરકારશ્રીની **MIDH-Sub scheme NHM** યોજનાના પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત કોલ્ડ ચેઇન મેનેજમેન્ટના પ્રીકુલીંગ યુનિટ, મોબાઇલ પ્રીકુલીંગ યુનિટ, કોલ્ડ રૂમ (સ્ટેગીંગ), કોલ્ડ સ્ટોરેજ, રેફ્રિજરેટેડ ટ્રાન્સપોર્ટ વિહિકલ જેવા ઘટકો તથા રાઇપનીંગ ચેમ્બર માટે **NHM**ના સહાયના ધોરણો ઉપરાંત ઉપરોકત ઘટકોમાં રાજય સરકારશ્રીની વધારાની ૧૫% પુરક સહાય.<br>• વીજદર સહાય નોર્મલ કોલ્ડ સ્ટોરેજમાં વાર્ષિક ખર્ચના ૨૫% મુજબ મહત્તમ રૂ. ૨.૦૦ લાખ સહાય (પાંચ વર્ષ સુધી) જ્યારે CA /MA કોલ્ડ સ્ટોરેજ વાર્ષિક ખર્ચના ૨૫% મુજબ મહત્તમ રૂ. ૩.૦૦ લાખ /એકમ સહાય (પાંચ વર્ષ સુધી). | • જે તે નાણાંકિય વર્ષ દરમ્યાન આવેલ વીજબીલ પર સહાય તે જ વર્ષમાં ચુકવવાની રહેશે. | -ફક્ત એક જ વખત<br>-વીજદર સહાયમાં પાંચ વર્ષ સુધી |
| ૧૫ | • કોલ્ડ ચેઇનને પ્રોત્સાહિત કરવા માટે | • કેન્દ્ર સરકારની સામાન્ય વિસ્તારમાં ૩૫ ટકા અને રાજ્ય સરકારની ૨૫ ટકા સહાય મળવાપાત્ર થશે. | • સામાન્ય કોલ્ડ સ્ટોરેજ (બટાકા અને અન્ય) તથા પ્રિકુલિંગ યુનિટ/ મોબાઇલ પ્રિકુલિંગ યુનિટ/ રીફરવાન /ફરતા પરિરક્ષણ એકમ તેમજ રાઇપનીંગ ચેમ્બર માટે **APMC**/ જાહેર | ફક્ત એક જ વખત |

| | | | | |
|---|---|---|---|---|
| | • (અ) સામાન્ય કોલ્ડ સ્ટોરેજ (બટાકા અને અન્ય માટે)<br>• (બ) ખાસ પ્રકારના (CA/MA) કોલ્ડ સ્ટોરેજ<br>• (ક) પ્રિકુલિંગ યુનિટ/ મોબાઇલ પ્રિકુલિંગ યુનિટ/ રીફરવાન<br>(ડ) રાઇપનીંગ ચેમ્બર (ક્ષમતા મહત્તમ ૩૦૦ મે. ટન) | | સાહસો (**PSU**)/ નગરપાલિકાઓને સહાય મળવાપાત્ર થશે.<br>• **CA/MA** કોલ્ડ સ્ટોરેજ માટે **APMC**/ રજીસ્ટર્ડ ખેડુત ગૃપ /**PSU**/ નગરપાલિકાને સહાય મળવાપાત્ર થશે.<br>• આ ઉપરાંત આ તમામ ઘટકોમાં રજીસ્ટર્ડ ખેડુત ઉત્પાદક સંગઠન (**FPO**)/કંપનીઓ (**FPC**) અને કૃષિ સંલગ્ન સહકારી સંસ્થાઓને પણ સહાય મળવાપાત્ર થશે.<br>• લાભાર્થીને કેન્દ્ર સરકારની તેમજ રાજ્ય સરકારની યોજનાઓ મળી કુલ મહત્તમ ૭૫% સુધી જ સહાય મળવાપાત્ર રહેશે. | |
| | સંકલિત પેક હાઉસ | • કેન્દ્ર સરકારની સામાન્ય વિસ્તારમાં ૩૫ ટકા સહાય મળવાપાત્ર થશે. | • આ તમામ ઘટકોમાં રજીસ્ટર્ડ ખેડુત ઉત્પાદક સંગઠન (**FPO**)/ કંપનીઓ (**FPC**) અને કૃષિ સંલગ્ન સહકારી સંસ્થાઓને રાજ્ય સરકારની ૨૫ ટકા પુરક સહાય મળવાપાત્ર થશે.<br>• લાભાર્થીને કેન્દ્ર સરકારની તેમજ રાજ્ય સરકારની યોજનાઓ મળી કુલ મહત્તમ ૭૫% સુધી જ સહાય મળવાપાત્ર રહેશે. | |
| | પ્રાઇમરી/મીનીમલ પ્રોસેસીંગ યુનિટ | • કેન્દ્ર સરકારની સામાન્ય વિસ્તારમાં ૩૫ ટકા સહાય મળવાપાત્ર થશે. | | |
| | લો કોસ્ટ ડુંગળીના સંગ્રહ સ્ટ્રકચર માટે (ક્ષમતા ૨૫ મે. ટન) | • કેન્દ્ર સરકારની સામાન્ય વિસ્તારમાં ૫૦ ટકા સહાય મળવાપાત્ર થશે. | | |
| | ગ્રામ્ય બજાર/અપની મંડી/સીધુ બજાર | • કેન્દ્ર સરકારની સામાન્ય વિસ્તારમાં ૪૦ ટકા સહાય મળવાપાત્ર થશે. | | |
| ૧૬ | દેવીપુજક ખેડુતોને તરબુચ / ટેટી /શાકભાજી /માઇક્રોન્યુટ્રીયન્ટ બિયારણ કીટ | • યુનિટ કોસ્ટ :<br>રૂ. ૫૦૦૦/કીટ્સ/એકર<br>• ખર્ચના ૯૦ % અથવા રૂ. ૪૫૦૦/એકર, બે માંથી જે ઓછુ હોય તે મુજબ સહાય મળવાપાત્ર રહેશે. | • કીટ્સમાં હાઇ. તડબૂચ/ શક્કરટેટી/શાકભાજી પૈકી કોઇ પણ બિયારણ તેમજ ઇનપુટ તરીકે જૈવિક દવા/જૈવિક ખાતર/ માઇક્રોન્યુટ્રીયન્ટ/ સેંદ્રીય ખાતર / દીવેલી ખોળ કૃષિ યુનિવર્સીટીની ભલામણ મુજબ આપવાના રહેશે.<br>• રાજ્યના દેવીપુજક સમાજના લાભાર્થીઓ નદી વિસ્તારમાં ચોમાસા બાદ નદીના પાણી ઓછા થતા તેમજ અન્ય જગ્યાઓ જેવી કે તળાવમાં કે જમીન ભાડા પેટે લઇ અથવા પોતાની જમીનમાં પરંપરાગત ખેતી કરતા હોય તેમને લાભ મળવાપાત્ર રહેશે.<br>• ગુજરાત એગ્રોના અધિકૃત વિક્રેતા પાસેથી જૈવિક દવા/જૈવિક ખાતર/ માઇક્રોન્યુટ્રીયન્ટ/સેંદ્રીય ખાતર/ દીવેલી ખોળની ખરીદી કરવાની રહેશે. | વધુમાં વધુ ૨ એકર સુધી વર્ષમાં એક વાર. |
| ૧૭ | ઔષધિય / સુગંધિત પાકોના વાવેતર માટે સહાય | • ખર્ચના ૭૫ ટકા અથવા<br>રૂ.૧૧,૨૫૦/હેકટર ની મર્યાદા તે બે | • ૦.૨૦ હે. થી ૪.૦૦ હે. સુધીના વાવેતર વિસ્તારની મર્યાદામાં મળવાપાત્ર સહાય | ખાતાદીઠ મહત્તમ ૪ હે. ની મર્યાદામાં |

| | | | | |
|---|---|---|---|---|
| | | માંથી જે ઓછી હોય તેટલી સહાય મળવાપાત્ર થશે. | | |
| ૧૮ | પોલીહાઉસ/નેટ હાઉસમાં સોઇલલેસ કલ્ચર માટે સહાય | • યુનિટ કોસ્ટ- રૂ. ૩.૦૦ લાખ/એકર<br>• સહાય:- ખર્ચના ૫૦ ટકા કે વધુમાં વધુ રૂ. ૧.૫૦ લાખ/એકર, બે માંથી જે ઓછુ હોય તે મુજબ સહાય | • સોઇલલેસ કલ્ચર જેવા કે કોકોપીટ, પરલાઇટ, વર્મીક્યુલાઇટ વિગેરે મીડીયા સારી ઉચ્ચ ગુણવત્તાવાળું ખરીદી કરવાનું રહેશે. | લાભાર્થી દીઠ મહત્તમ ૪૦૦૦ ચો.મી.ની મર્યાદામા સહાય |
| ૧૯ | નિકાસકારોને બાગાયતી પાકોની ઇરેડીએશન પ્રક્રિયા માટે સહાય | • યુનિટ કોસ્ટ –ગુજરાત એગ્રો દ્વારા વખતોવખત નક્કી થતા ઇરેડીએશન પ્રક્રિયાના ભાવો/ખર્ચના ૨૫% વાર્ષિક મહત્તમ રૂ. ૨.૫૦ લાખ પ્રતિ લાભાર્થીની મર્યાદામાં | • ફક્ત નિકાસલક્ષી બાગાયતી પાકોના ઇરેડીએશન પ્રક્રિયા માટે સહાય આપવામાં આવશે.<br>• ખડૂત/ખાનગી સંસ્થા/ફાર્મર પ્રોડયુસર ઓર્ગેનાઇઝેશન (FPO) /FPC/સહકારી સંસ્થાને ને સહાય મળવાપાત્ર છે.<br>• લાભાર્થીને લાગુ પડતા દસ્તાવેજ<br>૧.સંસ્થાના રચના /સ્થાપનાના પુરાવા<br>૨.નિકાસકાર તરીકે માન્યતા અંગેના પુરાવા<br>૩.નિકાસ માટે સંસ્થાના લોડીંગના પુરાવા વિગેરે<br>૪.ઇરેડીએશન પ્રક્રિયાના ખર્ચના બિલ માલ લોડીંગ થયા બાદ ૧૮૦ દિવસની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે. | - |
